# ટ્રેક નં. ૩૮ : પર્યાયના પ્રદેશ દ્રવ્યથી ભિન્ન છે કે અભિન્ન તે વિષે

✻ પર્યાય ઉપર દૃષ્ટિ કરવી કે દ્રવ્ય ઉપર? પર્યાય ઉપર તરે છે કે અંદર છે? આવી બધી પંડિતાઈ મને ન આવડે. આ તો અનુભવથી જ સિદ્ધ થાય. કોને છે આવો અનુભવ? સ્વાનુભવ-વિભૂષિત ભગવતી ચંપાબેનને. તો ચાલો પૂછી લઈએ તેમને જ.

✻ માંગલિક

❀ ભક્તિ : પ્રદેશ ભેદ પર્યાયથી અન્યત્વ મારું એમ છે,
પર જાણતો વ્યવહારથી સ્વ એક મારુ જ્ઞેય છે.

✻ બહેનશ્રી : (પર્યાય) કોઈ અપેક્ષાએ ભિન્ન કહનેમેં આતી હૈ, કોઈ અપેક્ષાએ અભિન્ન કહેનેમેં આતે હૈ. 'પ્રવચનસાર'મેં અભેદ કહનેમેં આતે હૈ. કોઈક વાર ભિન્ન કહનેમેં આતે હૈ. ઈસલિયે જ્ઞાન ઔર દર્શન- જ્ઞાન દોનોંકા જાણતા હૈ ઔર દર્શન નિર્વિકલ્પ હૈ. અપને કો જાનતે હૈ. ઈસલિયે અનુભવમેં વો દર્શન અપનેકો અનુભવતે હૈ, જ્ઞાન તો સાથમેં હી રહતે હૈ, જ્ઞાન ચલા નહીં જાતા હૈ, વેદન તો દોનોંકા હોતા હૈ, દ્રવ્ય ઔર પર્યાય. પર્યાય વો વેદનમેં પર્યાય આતી હૈ, તો ભી દ્રવ્ય ભી જ્ઞાનમેં ભી ખ્યાલમેં રહતા હૈ. દર્શન ભી ખ્યાલમેં રહતા હૈ. દોનોંકે. દર્શન નિર્વિકલ્પ, જ્ઞાન તો સવિકલ્પ હૈ. જ્યાં ભેદકી બાત આવે ત્યાં ભેદ ઔર અભેદ દોનોં સમજના. ઐસે દોનોં કટકા જૈસા પરમાણુ, પરમાણુ કટકા હૈ ઐસા કટકા તો નહીં હૈ. નહીં તો વેદન કૈસે હોવે? પર્યાયકા ઐસા કટકા હોવે તો વેદન કિસકા હોવે? વેદન પર્યાયકા નહીં હોવે ઐસે તો વેદન કૈસે હોવે? ભેદાભેદ દોનોં વસ્તુ જ્ઞાન જાણતે હૈ. જ્ઞાન ઔર દર્શન દોનોં સાથમેં રહતા હૈ. સામાન્ય ઔર વિશેષ દોનોં સાથમેં.. ૧.

✻ પ્રશ્ન : સામાન્ય દર્શન ઔર વિશેષ જ્ઞાન દોનોં.

● ઉત્તર : વિશેષ-સામાન્ય દોનોં જો એક અકેલા હોવે તો

વેદન ભી નહીં હોવે સ્વાનુભૂતિમેં. તો ઉસકો કૌન જાને? યહ અપેક્ષાસે સમજના સબ. ૨.

✻ પ્રશ્ન : જ્ઞાન સ્વકો જાનતા હૈ વહાં ભી?

● ઉત્તર : જ્ઞાન સ્વકો જાનતા વહાઁ ભી અપેક્ષાસે સમજના ઔર ભેદાભેદ વસ્તુ વહ સબકો અપેક્ષાસે સમજના. ૩.

● બહેનશ્રી : આવે જ છે ને શાસ્ત્રમાં એ ગુરુદેવ લેતા હતા એ બરાબર, પણ ગુરુદેવ જે દ્રવ્ય અને પર્યાય તદ્દન જુદા છે તે કહેતા હતા તે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ કહેવામાં આવતું. દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ જાય છે ત્યાં ભેદ ઉપર દૃષ્ટિ રહેતી નથી. પર્યાય તો એક ક્ષણિક પૂરતી છે અને દ્રવ્ય પોતે શાશ્વત અનાદિ અનંત, અખંડ દ્રવ્ય છે. એમાં દ્રવ્યમાં ભેદ નથી. દ્રવ્ય અને ગુણો અનાદિ અનંત છે અને પર્યાય ક્ષણ પૂરતી થાય છે. માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં પર્યાયના ભેદ છૂટી જાય છે. માટે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ પર્યાય ગૌણ થતાં પર્યાયનો સ્વભાવ જુદો, પર્યાય ક્ષણ પૂરતી, એ અપેક્ષાએ એના પ્રદેશ જુદા એમ કહેવાય છે. છતાં પણ જો એને તદ્દન બે જુદા પાડી, તો સાધના કોની કરવી? નિર્મળ પર્યાયરૂપે છે એનું વેદન તો જીવમાં થાય છે. એ જ્ઞાનની નિર્મળતા, દર્શનની નિર્મળતા, અનંત ગુણો નિર્મળ જે દ્રવ્ય ઉપર દૃષ્ટિથી સમ્યગ્દર્શન થાય તો સર્વ ગુણાંશ તે સમકિત. બધા ગુણોનો અંશ નિર્મળ થાય, એનું વેદન. વેદન તો જીવને થાય છે. જો તદ્દન જુદા હોય તો એનું વેદન જીવને ન થાવું જોઈએ. દ્રવ્ય જુદું ને પર્યાય જુદું એવું વેદન થવું જોઈએ. માટે એની સાથે દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ ગુરુદેવે જે કથન કરતા હતા. એમાં પ્રદેશ જુદા કહેતા હતા પણ જ્ઞાનમાં એમ હોવું જોઈએ. જો તદ્દન જુદા હોય તો એનું વેદન જીવને થાય નહીં માટે શાસ્ત્રમાં જે સંવર અધિકારમાં આવે એમ 'દ્રવ્ય પર્યાયને પહોંચે અને પર્યાય દ્રવ્યને પહોંચે' એવી વાત પણ આવે છે, એવી વાતનો મેળ કરીને સમજવું જોઈએ. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ પ્રદેશભિન્ન. જ્યાં દ્રવ્યદૃષ્ટિની

મુખ્યતા જીવને લક્ષમાં આવે તો એમ કહેવાય કે જ્ઞાન સાથે, જ્ઞાન એવું ને એવું રહેવું જોઈએ કે તદ્દન ભિન્ન હોત તો સાધના કોની કરવી? અનાદિકાળથી અશુદ્ધ પર્યાય, તે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતા એ જે શુદ્ધ પર્યાય છે એ પ્રગટ થાય છે. ઈ શુદ્ધ પર્યાયનું વેદન જીવમાં થાય છે. માટે જ્ઞાન એવું હોવું જોઈએ કે આ વાત સર્વ અપેક્ષાએ નથી. જેમ કોઈ અપેક્ષાએ દ્રવ્ય, ગુણ, પર્યાય અભિન્ન જ છે, એને તદ્દન ભેદ કહેવામાં આવે તો તો સાધના કોઈ કરવાની રહેતી નથી. તો નિર્મળ પર્યાય કોની પ્રગટ કરવી? અશુદ્ધ પર્યાય ટાળવી? ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી એ કેમ થાય? માટે તદ્દન સર્વ અપેક્ષાએ જ્ઞાનમાં એ ન હોવું જોઈએ કોઈ અપેક્ષાએ એ પર્યાય દ્રવ્યથી ભિન્ન છે. પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થાય, એ વાત પણ બરાબર છે. પણ એ વાત જ્ઞાનમાં રાખીને દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ વાતનું કથન આવે છે. ગુરુદેવ દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ કથન કરતા હતા. ૪.

✽ પ્રશ્ન : એટલે એમ કે શું વસ્તુ અપેક્ષાએ દ્રવ્ય ને પર્યાય એક પ્રદેશ હોવા છતાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે કોઈ સૂક્ષ્મ કાંઈ પ્રદેશભેદ છે કે દૃષ્ટિની અપેક્ષાએ આ કથન છે?

● ઉત્તર : દૃષ્ટિની મુખ્યતાએ આ બધું છે. ૫.

✽ પ્રશ્ન : એમાં સૂક્ષ્મ પ્રદેશભેદ છે એવું કાંઈ નહીં?

● ઉત્તર : એવી વસ્તુ નથી, એ કોઈ એના પ્રદેશો જુદાં છે? એ દૃષ્ટિની મુખ્યતાએ જુદા પડે છે. એવો કાંઈ સૂક્ષ્મ પ્રદેશભેદ નથી. ૬.

✽ પ્રશ્ન : કોઈવાર એમ આવે છે કે દ્રવ્ય પર્યાયને અને પર્યાય દ્રવ્યને સ્પર્શતું નથી.

● ઉત્તર : બંનેના સ્વભાવ જુદા છે. દ્રવ્ય ત્રિકાળ છે, દ્રવ્ય શાશ્વત રહેનારું છે અને પર્યાય ક્ષણપૂરતી છે. ક્ષણે આવીને ચાલી જાય, બીજી ક્ષણે બીજી પર્યાય આવે, ત્રીજી ક્ષણે ત્રીજી પર્યાય આવે એટલે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ આવે, એમ પણ એક આવે

છે કે બેઉ સ્વતંત્ર છે. સ્વતંત્ર એટલે બેઉના કાર્ય સ્વતંત્ર. ઓલું દ્રવ્ય શાશ્વત છે. પર્યાય ક્ષણ પૂરતી છે. કાર્ય અપેક્ષાએ, એના લક્ષણ અપેક્ષાએ, એ અપેક્ષાએ કહેવાય, બાકી તો દ્રવ્ય ને પર્યાયના આશ્રયની અપેક્ષા બીજી ને ઓલી અપેક્ષા બીજી છે. ૭.

✻ પ્રશ્ન : બન્ને એક પ્રદેશી છે. જેમ આકાશના એક ક્ષેત્રે શરીર અને આત્મા રહેલા છે તે એકબીજાને સ્પર્શતા નથી એ તો બરાબર છે. એ તો સમજાય પણ આ તો દ્રવ્ય અને પર્યાય બે થઈને એક વસ્તુ છે તેથી બેઉના પ્રદેશો તો એક જ છે. એક જ છે ને? છતાં એ એકબીજાને સ્પર્શતા નથી એટલે સ્વરૂપની અપેક્ષાએ?

● ઉત્તર : બેઉના સ્વભાવ જુદા ને એના કાર્ય જુદા માટે એ અપેક્ષાએ. ક્ષેત્ર ભિન્નને સ્પર્શતા નથી તે વાત જુદી છે. આ તો સ્વભાવ અપેક્ષાએ, કાર્ય અપેક્ષાએ. એ તો દ્રવ્ય પર્યાય એક-બધુંય એક છે એમ નહીં. પણ બેઉના સ્વભાવ જુદા એટલું લક્ષમાં રાખે. ઓલું (દ્રવ્ય) શાશ્વત છે અને ઓલું (પર્યાય) ક્ષણે ક્ષણે પલટાય છે. ઓલું (દ્રવ્ય) નિત્ય છે ને આ (પર્યાય) અનિત્ય છે. ઓલું (દ્રવ્ય) એક સ્વરૂપે છે તો આ (પર્યાય) અનેક સ્વરૂપ છે. ૮.

✻ પ્રશ્ન : દ્રવ્યના જોરમાં પર્યાયને ગૌણ કરાવવા વાત આવે પછી એકાંત પકડે છે ને એમાં પછી રોકાય છે?

● ઉત્તર : હા! એ એકાંત પકડે અને એમાં રોકાય છે કે પછી પર્યાયને ભેગી માની એમાં રોકાય જાય છે. ૯.

✻ પ્રશ્ન : બીજામાં રોકાયા કરે છે. અજ્ઞાનને કારણે તેને ખ્યાલ આવતો નથી?

● ઉત્તર : એ ભેગી, જુદી એના જ્ઞાનમાં સમજાય જશે યથાર્થ– પરિણતિમાં એ આવી જ જાય છે. એનું વેદન થાય છે એ જ સમજાય છે કે એ સર્વથા જુદી નથી એમ આવી જાય છે. આ આખું સામાન્ય દ્રવ્ય છે ને ઈ પર્યાય નવી પ્રગટ થાય છે ને વ્યય થાય છે. એટલે તે સર્વથા જુદી નથી તેમ પર્યાયનો સ્વભાવ ક્ષણ પૂરતો છે એમ પણ ભેગું આવી જાય છે. અપેક્ષામાં ભેગી આવી જ જાય

છે. એ દ્રવ્યની જેમ શાશ્વત એમ સાથે નથી. નવી ઉત્પન્ન થાય, વ્યય થાય છે ને એમ પાછી વેદન થાય, એ દ્રવ્યની જ પર્યાય છે ને એ પણ ક્ષણ પૂરતી છે. એટલે આ જુદી ને ભેગી એમ જ્ઞાનની અપેક્ષામાં આવે એમ સમજાય એવું છે. એ એમાં ગોઠવાય જાય છે. પર્યાય કંઈ દ્રવ્યના આશ્રય વગર થાતી નથી. દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્યની પર્યાય છે. ક્ષણપૂરતી છે. એટલે એનો દ્રવ્ય સ્વભાવ સામાન્ય છે એનાથી એનો સ્વભાવ થોડો જુદો છે, ક્ષણ પૂરતી છે. ૧૦.

* પ્રશ્ન : ગૌણ કરવા માટે વાત છે?

● ઉત્તર : ગૌણ કરવા માટે છે એને કાઢી નાખવાની વાત નથી. તો દ્રવ્યના દૃષ્ટિના જોરમાં 'કાઢી નાખી' એમ પણ વાત આવે પણ એને સમજવું જોઈએ (અપેક્ષાથી). જેમ રાગ જડ છે એમ કહેવાય છે પણ રાગ જડ છે એમ જ માની લે તો કાંઈ વિભાવ જ નથી? એવો અર્થ થઈ જાય ને? રાગ જડ છે, પોતાનો સ્વભાવ નથી તેથી જડ કહેવાય. તો પુરુષાર્થ શેનો? તદ્દન સાવ જડ હોય તો? સ્વભાવ; પોતાનો સ્વભાવ નથી એમ. એમ (દ્રવ્ય અને પર્યાય) બેયના સ્વભાવ જુદા જુદા પણ એ દ્રવ્યના આશ્રયે થાય છે. જેવું દ્રવ્ય સ્વતંત્ર સ્વતઃ સિદ્ધ છે એમ પર્યાય કાંઈ સ્વતઃ સિદ્ધ દ્રવ્યના આશ્રય વગરની—એવી એમાં કાંઈ અપેક્ષા નથી આવતી. એ તો દ્રવ્યના આશ્રયે જ પર્યાય થાય છે. એવા પ્રદેશ જુદા નથી જેવા એક દ્રવ્યના બીજા દ્રવ્યથી જુદા છે. એવા એક દ્રવ્યની પર્યાયના એવા જુદા નથી. દ્રવ્યનો આશ્રય છે પર્યાયને. દ્રવ્યનો આશ્રય છે ને પાકો. એનો સ્વભાવ પર્યાયનો જુદો એટલે જુદા એમ. દ્રવ્યના આશ્રયે,—દ્રવ્ય જે જાતનું હોય તે જાતની એની પર્યાય છે. વિભાવ ઉપર દૃષ્ટિ જાય તો વિભાવની પર્યાય થાય છે. ઓલા તો બે દ્રવ્ય સ્વતંત્ર —જેવા બે દ્રવ્ય સ્વતંત્ર એવા દ્રવ્ય અને પર્યાય બે એ જાતના સ્વતંત્ર નથી. જેવી દ્રવ્યની દૃષ્ટિ હોય એવી જાતની પર્યાય છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય તો પર્યાય એવી જાતની થાય. ૧૧.

✻ પ્રશ્ન : પર્યાયને દ્રવ્યનો આશ્રય નથી?

● ઉત્તર : પર્યાયને દ્રવ્યનો આશ્રય નથી. (દ્રવ્યદૃષ્ટિથી) ૧૨.

✻ પ્રશ્ન : જ્યારે સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્યદૃષ્ટિ કરવામાં આવે છે ત્યારે પર્યાય એ દ્રવ્યથી ભિન્ન છે એમ કહેવામાં આવ્યું તો દ્રવ્ય અને પર્યાયની ભિન્નતા છે એને વિષે ગુરુદેવનો કહેવાનો આશય શું છે? કૃપા કરીને સમજાવશો.

● ઉત્તર : દ્રવ્યદૃષ્ટિની મુખ્યતામાં એ પર્યાય ગૌણ થઈ જાય છે. દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાય લક્ષમાં આવતી નથી. આખું દ્રવ્ય જ્યાં લક્ષમાં આવ્યું—સામાન્ય—એમાં એ પર્યાય ગૌણ થાય છે. પર્યાય ઉપર લક્ષ રહેતું નથી. પર્યાય છે એ દ્રવ્યની પર્યાય છે. દ્રવ્યથી અદ્ધર અદ્ધર નથી પર્યાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જ્યાં કરવામાં આવે છે ત્યાં પર્યાય ગૌણ થઈ જાય છે અને દૃષ્ટિનું લક્ષ પર્યાય ઉપર હોતું નથી. દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર જ. દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે. ૧૩.

✻ પ્રશ્ન : જ્યારે પર્યાયમાં રાગ હોય છે ત્યારે રાગની મલીનતા છે એ બહાર રહી જાય છે અને પર્યાય અંતર્લીન થાય છે એ પરમ પારિણામિક ભાવરૂપે થઈ જાય છે. તો ધ્રુવ છે એ નિષ્ક્રિય છે અને પર્યાયનો જે રાગ છે તે રાગ બહાર રહી જાય છે અને પર્યાય પોતે અંતર્લીન થાય છે. પોતાની પર્યાય જ્યારે પરમ પારિણામિક ભાવરૂપે થઈ જાય છે. એના વિષે શું?

● ઉત્તર : રાગ બહાર રહી જાય છે. તે રાગ તો એ અસ્થિરતાનો રાગ છે. પર્યાય અંદર જાય તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય અંદરમાં. પર્યાય શુદ્ધરૂપે થાય. પર્યાય બહાર રહી જાય છે એ તો અશુદ્ધ. જ્યાં ભેદજ્ઞાન થાય ત્યાં અસ્થિરતા અલ્પ હોય છે. એ અલ્પ અસ્થિરતા રહે છે. ૧૪.

✻ પ્રશ્ન : પર્યાયમેં જે રાગ હોય છે એ રાગ બહાર રહી જાય છે?

● ઉત્તર : જે પરમપારિણામિક થઈ. તે દ્રવ્ય પોતે આખું પારિણામિક ભાવરૂપે છે. પર્યાય એમાં લીન થઈ તે પારિણામિક

ભાવરૂપે દ્રવ્ય પરિણમે તે દ્રવ્યમાં એવી યોગ્યતા હોય છે. ભૂત, વર્તમાન, ભવિષ્યની પર્યાયને દ્રવ્ય કહેવામાં આવે એ પર્યાયરૂપ નહીં પણ પારિણામિક ભાવદ્રવ્યરૂપે રહે છે. પારિણામિક ભાવરૂપે રહે છે. રાગ અંદર નથી આવતો. રાગ તો મલિન પર્યાય છે. દ્રવ્ય પોતે શુદ્ધતારૂપે અનાદિ અનંત રહે છે. પરમ પારિણામિક ભાવ હોય છે. ૧૫.

**✻ પ્રશ્ન : કોઈક અપેક્ષાએ ભિન્નતા બતાવે છે એટલે સમજવામાં મુંઝવણ થાય છે સમજવામાં.**

● ઉત્તર : એ અપેક્ષા સમજી લેવી તો કાંઈ મૂંઝવણ નથી, દ્રવ્ય દૃષ્ટિ કરવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે. મુક્તિનો માર્ગ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી શરૂ થાય છે અને ભેદજ્ઞાન કરવાથી મુક્તિનો—સ્વમાં એકત્વને પરમાં વિભક્ત—એવી ચૈતન્યની પરિણતિની ધારા પ્રગટ કરવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે. ‘શુભાશુભ વિકલ્પ તે હું નથી. હું એનાથી જુદો ચૈતન્ય તત્ત્વ છું. એક ક્ષણ પૂરતો પણ હું નથી, હું તો શાશ્વત દ્રવ્ય છું. ગુણના ભેદ, પર્યાયના ભેદ દૃષ્ટિમાં આવતા નથી પણ જ્ઞાન બધું જાણે છે.’ એવો એક દૃષ્ટિનો વિષય કરીને જ્ઞાન બધું જાણે છે. પરિણતિ પોતે સ્વ તરફ ઢળે, વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ થાય, નિર્વિકલ્પદશા થાય તે મુક્તિનો માર્ગ છે. એમાં મૂંઝવણનો કોઈ પ્રશ્ન નથી. આ અપેક્ષાથી છે એ અપેક્ષા સમજી લેવી. એમાં કાંઈ મુક્તિની પર્યાયની કાંઈ બાદ આવતી નથી. અપેક્ષા સમજી લેવી. દૃષ્ટિને મુખ્ય કરી જ્ઞાનમાં જાણીને, પર્યાયને શુદ્ધતા પ્રગટ કરવી, તે જ મુક્તિનો માર્ગ છે. ૧૬.

**✻ પ્રશ્ન : જુદા જુદા વિરોધાભાસી વચનો જોઈને જ્ઞાયકમાં આમ કીધું? વળી આમ કીધું એમ?**

● ઉત્તર : એની અપેક્ષા સમજાતી નથી. કોઈ અપેક્ષાએ વિરોધાભાસ આવે છે. કઈ મુખ્ય કરવી? કઈ અપેક્ષા ગૌણ કરવી? તે સમજાતું નથી. એટલે એમાં ને એમાં રોકાય છે પણ મુક્તિનો

માર્ગ દ્રવ્યદૃષ્ટિથી થાય છે અને એમાં પર્યાયની શુદ્ધતા પ્રગટ કરવી છે ને મુક્તિને માર્ગે જાવું છે ને એમાં ને એમાં ગોથા ખાવા એના કરતા એની અપેક્ષા સમજી લેવી. 'ચૈતન્ય દ્રવ્ય સામાન્ય તત્ત્વ છે એમાં ગુણના ભેદ, પર્યાયના ભેદ એ દૃષ્ટિ સ્વીકારતી નથી. જ્ઞાન બધું જાણે છે. દ્રવ્યમાં અનંત ગુણ છે. જ્ઞાનમાં બધું છે. દ્રવ્ય, ગુણ, પર્યાયથી ભરેલું તત્ત્વ છે એને ઓળખી લેવું અને દૃષ્ટિ એક સામાન્ય પર કરવી. સ્વમાં એકત્વબુદ્ધિ, પરથી વિભક્ત એવી ભેદજ્ઞાનની ધારા, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી–વિકલ્પ તોડીને શુભાશુભ વિકલ્પ, વિકલ્પ-જાળથી જુદો નિર્વિકલ્પ તત્ત્વ છે તે ઓળખીને સ્વાનુભૂતિને માર્ગે જાય. પછી આ અપેક્ષા ભેદ શું છે એ એને વિચારીને સમજીને સમાધાન કરવું. કોને મુખ્યતા આપીને કોને ગૌણતા આપીને શું છે? એમાં એકાંત નહીં પકડતા એમાં શું વસ્તુ સ્વરૂપ છે? તે સમજી લેવું. ૧૭.

✻ પ્રશ્ન : ૧૮ મો અલિંગગ્રહણનો બોલ ચાલ્યો. એમાં એ જ છે?

● ઉત્તર : અપેક્ષાથી દ્રવ્ય અખંડ ત્રિકાળ છે. પર્યાય એક ક્ષણ પૂરતી છે એને એ સ્પર્શતું નથી, એમ કહેવાય. ૧૮.

✻ પ્રશ્ન : એટલે ગુણભેદને સ્પર્શતું નથી એટલે ભેદ જ્યાં સુધી હશે ત્યાં સુધી વિકલ્પ ઉઠશે ત્યાં સુધી વિકલ્પ તૂટશે નહીં.

● ઉત્તર : ભેદ ઉપર દૃષ્ટિ આપવાથી ત્યાં વિકલ્પ ઉઠે છે. ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે. એટલે કાંઈ દ્રવ્યમાં ગુણ જ નથી ને દ્રવ્યમાં પર્યાય જ નથી એવું નથી. દ્રવ્યમાં ગુણ જ ન હોય, દ્રવ્યમાં પર્યાય જ ન હોય તો દ્રવ્ય એકલું. તો વેદન શેનું? ને સ્વાનુભૂતિ શેની? એમાં અનંતા ગુણ જ્ઞાન અને આનંદ શેનું? ને એમાં વેદન શેનું? એ એને સ્પર્શતું નથી ને અડતું નથી ને કાંઈ છે જ નહીં એનામાં. તો દ્રવ્ય એકલું સામાન્ય કૂટસ્થ શૂન્ય છે એવો અર્થ થઈ જાય છે. ૧૯.

✻ પ્રશ્ન : ગુરુદેવ કોઈવાર એમ કહેતા કે દ્રવ્ય જેટલું તો

**નથી અને કોઈક વાર એમ કહેતા કે પર્યાય જેટલો જ તું છે. (એનો અર્થ શું?)**

● ઉત્તર : પર્યાય જેટલો તું નથી એટલે પર્યાય ક્ષણે ક્ષણે બદલાય છે, તું તો શાશ્વત આત્મા છે. પર્યાયથી ભિન્ન એટલે પર્યાયનો સ્વભાવ જુદો, અને તારો સ્વભાવ જુદો. પર્યાય એક ક્ષણ પૂરતી, તું તો ત્રિકાળ છે. ભિન્નમાં એવો સર્વથા પ્રકારે જ છે એવો અર્થ નથી, અપેક્ષાથી જુદો, સર્વથા પ્રકારે બધી રીતે ભેદ હોય તો દ્રવ્ય પર્યાય વગરનો થઈ જાય અને પર્યાય પોતે દ્રવ્ય થઈ જાય. એમ સર્વથા પ્રકારે ભિન્નનો અર્થ નથી. પણ કોઈ અપેક્ષાએ ભિન્ન છે. તું સમજ કે તારો સ્વભાવ ત્રિકાળ શાશ્વત રહેવાનો અને પર્યાય તે ક્ષણ પૂરતી. એમ સમજવું, એમ એ અપેક્ષાએ કહે છે. 'સર્વથા જુદો' તો દ્રવ્ય પર્યાય વગરની થઈ જાય. તો દ્રવ્ય એને કહેવાય જે ઉત્પાદ, વ્યય, ધ્રુવ સહિત હોય તેને દ્રવ્ય કહેવાય. પર્યાય એ કહેવાય કે જે દ્રવ્યના આશ્રયથી થાય તે પર્યાય છે. પર્યાય એટલી સ્વતંત્ર નથી, પર્યાય પોતે એકલી દ્રવ્ય વગરની પરિણમતી નથી. પણ તે બેઉના સ્વભાવ જુદા છે તે અપેક્ષાએ તેને ભિન્ન કહેવામાં આવે છે. માટે ભિન્ન કહ્યું છે. ૨૦.

**✻ પ્રશ્ન : એક અપેક્ષાએ પર્યાયને દ્રવ્યનો આશ્રય છે. બીજી અપેક્ષાએ પર્યાયની સ્વતંત્રતા છે.**

● ઉત્તર : દ્રવ્યનો આશ્રય છે. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે એ પણ અપેક્ષા છે. કથંચિત્ પર્યાય સ્વતંત્ર પણ છે. એ પણ અપેક્ષા છે. દરેક પર્યાય સ્વતંત્ર પરિણમે છે. એકબીજા, એકબીજાના આશ્રયે પરિણમે એમ નહીં પણ સ્વતંત્ર પરિણમે છે. પણ દ્રવ્યને આશ્રયે પરિણમે છે એમ પણ અપેક્ષા છે. એ સ્વતંત્ર તદ્દન સર્વથા સ્વતંત્ર હોય તો જેટલી પર્યાય એટલા દ્રવ્ય થઈ જાય. તદ્દન સ્વતંત્ર તો પર્યાય એટલા દ્રવ્ય થઈ જાય. ત્રિકાળ છે, શાશ્વત છે, તે દ્રવ્ય છે. ગુણોથી ભરપૂર છે દ્રવ્ય, પર્યાય તો ક્ષણ પૂરતી છે. જે ક્ષણમાં પરિણમન

થઈને આવે એટલું છે એનું અસ્તિત્વ. એક ક્ષણ પૂરતી પર્યાય પરિણમે એનાથી અનંત શક્તિથી ભરેલું દ્રવ્ય છે. વિભાવ પર્યાય એ જુદી વાત છે. સ્વભાવ પર્યાયમાં તો અનંત શક્તિથી ભરેલું ભરપૂર છે. સ્વભાવ પર્યાય તો એમાં જે અનંતુ આવે એ સિવાયનું અનંતુ દ્રવ્યમાં ભરેલું છે. પર્યાયની શક્તિ તો અમુક છે અને દ્રવ્ય તો અનંત શક્તિથી ભરપૂર છે. સ્વતંત્ર ષટ્‌કારકરૂપ છે દરેક દ્રવ્યના ષટ્‌કારક છે. એમ પર્યાયના ષટ્‌કારક અમુક અપેક્ષાએ ઠીક. બાકી જેવું સ્વતંત્ર દ્રવ્ય છે એવી પર્યાય નથી. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે એ અપેક્ષાએ તો છે. ષટ્‌કારક પોતે દ્રવ્ય, ગુણ, પર્યાય પોતે દ્રવ્યને, પોતાના દ્રવ્યના આધારે પર્યાય થાય છે. પર્યાય એક અંશ છે ને અંશી પોતે દ્રવ્ય છે એ. અંશ ને અંશીનો એને સંબંધ છે. પોતાના પરિણામથી થાય એના પ્રદેશ, દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ કહેવાય છે. દ્રવ્ય ઉપર જ્યાં દૃષ્ટિ ગઈ ત્યાં બધું છે. એને હેય બુદ્ધિથી એને પર્યાય ગૌણ થાય છે. એની અપેક્ષાએ એને પ્રદેશની ભિન્નતા કહેવામાં આવે છે. બાકી વસ્તુસ્થિતિએ ભિન્નતા હોય તે બની શકે નહીં. ૨૧.

✻ પ્રશ્ન : અપેક્ષાથી કહેવામાં આવે છે?

● ઉત્તર : અપેક્ષા સમજવી જોઈએ. આ તો અપેક્ષાની વાત છે. વસ્તુસ્થિતિ એમ નથી. એના ઉપર એટલું જોર આવે કે બે જુદા જ દ્રવ્ય છે તો પર્યાય એ દ્રવ્ય થઈ જાય. પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે. દ્રવ્ય છે, પર્યાય છે, પર્યાય એ જુદી લટકતી નથી, એ જે અંશ છે એ દ્રવ્યનો છે. દ્રવ્યની પર્યાય છે. એવી જુદી હોય તે એનો પર્યાય જ દ્રવ્ય થઈ જાય. એની અપેક્ષા સમજી એના ઉપરનું જોર એ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ જોર દેવામાં આવે છે. વસ્તુસ્થિતિએ જોર દેવામાં આવે તો બે કટકા નથી એના. ૨૨.

✻ પ્રશ્ન : જ્ઞાનની અપેક્ષા તો સાથે જ છે?

● ઉત્તર : જ્ઞાને સમજવાનું છે કે એ પર્યાયની જે પરિણતિ થાય છે તે દ્રવ્યને આશ્રયે થાય છે. તે કાંઈ અદ્ધર નથી. ૨૩.

✻ પ્રશ્ન : ભાવ આવતો હોય એ દૃષ્ટિના વિષય પૂરતો મર્યાદિત રહેવો જોઈએ. જ્ઞાનમાં એ ખતવણી કરી નાખે. જ્ઞાનમાં એવું લાગે એ ભિન્ન છે તો (ખોટું થાય એમ ને?)

● ઉત્તર : બધી રીતે ભિન્ન જ છે એમ બધે સર્વાંશે ભિન્ન છે એમ માને તો ભૂલ થાય છે. બધી રીતે જુદો માને તો એના સમજવામાં ભૂલ થાય એટલે પર્યાય જુદી તો આત્મામાં કાંઈ છે જ નહીં તો ઈ તો પરિણમન જ જુદું દ્રવ્ય જ થઈ ગયું તો એને વેદન કોનું? ૨૪.

✻ પ્રશ્ન : તો પછી સાધના શું?

● ઉત્તર : સાધના શું? વળી દર્શનજ્ઞાનચારિત્ર પ્રગટ થાય એ શું? શેમાં થાય? કાંઈ છે જ નહીં તો તો પછી કરવાનું કાંઈ રહેતું નથી. સમજવું જોઈએ કે દ્રવ્યદૃષ્ટિના બળમાં છે. વસ્તુસ્થિતિ એમ નથી, પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે. સાધના શું કરવી? સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ બધી પર્યાય છે. વેદન, અનુભૂતિ, ચારિત્ર, મુનિદશા, કેવળજ્ઞાન એ બધું વેદન. વેદન એનાથી જુદું રહી ગયું ને દ્રવ્ય એનાથી જુદો રહી ગયો. હું કાંઈ વેદતો નથી. એ તો જુદું વેદન થાય છે. તો પછી કોને કરવાનું? પુરુષાર્થ કોને માટે કરવો છે? હું કાંઈ વેદતો નથી. સ્વાનુભૂતિ, તે તો બધું જ જુદું વેદાય છે. એમ સર્વ રીતે માની લે તો ખોટું થાય છે. ૨૫.

❀ બહેનશ્રી : પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે, પર્યાય ક્ષણિક છે, પર્યાય પલટાય છે, પર્યાયથી જણાય છે. પણ પોતે તો ત્રિકાળ, એમાં ગુણો છે, એમાં જાણવાનો ગુણ છે, એમાં આનંદનો ગુણ છે. એમ અસ્તિત્વ એવો ગુણ છે. વસ્તુત્વ છે. એવા અનંતા ગુણો—જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, વેદકતા, અનુભવ ગુણ છે. એવા એવા અનંતા શબ્દમાં ન આવે એવા. એ પોતે એને જાણતો નથી એટલે શૂન્ય ભાસે છે. પણ અંતરમાં પોતે દૃષ્ટિ કરે તો શૂન્ય નથી, ગુણોથી ભરેલો છે.

અંતરમાં વિકલ્પ તૂટીને જો લીનતા કરે તો એમાં આનંદ ભરેલો છે. એમાં જ્ઞાન ભરેલું છે. ૨૬

* પ્રશ્ન : અનુભવ થાય છે તે તો પર્યાયમાં થાય છે ને?

● ઉત્તર : અનુભવ છે તે પર્યાયમાં ભલે ને થાય, પણ એ આત્મામાં અનંતા ગુણો છે. એ ગુણો એને ખ્યાલમાં આવે છે. એ પર્યાય દ્રવ્ય છોડીને અદ્ધર પર્યાય રહેતી નથી. પર્યાય તે દ્રવ્યની, ચૈતન્યની જ પર્યાય છે. પર્યાયમાં વેદન ભલે પર્યાયનું થાય પણ તે દ્રવ્ય એમાં જણાય છે. એને દ્રવ્યનો સ્વભાવ જણાય છે. દ્રવ્ય કેવું છે? દ્રવ્યમાં અનંતા ગુણો છે. આત્મા એ દ્રવ્ય છે એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનંત ગુણો છે. એટલે પર્યાય એને જાણે છે. એટલે એ દ્રવ્ય એટલે કોઈ વસ્તુ જ નથી કે સાવ શૂન્ય વસ્તુ છે એમ નથી. એમાં ગુણો ભરેલા છે. જેમ આ પુદ્‌ગલમાં વર્ણ, ગંધ, રસ બધું છે. તો એ છે તો પુદ્‌ગલ તે રૂપ છે. તો એ વર્ણરૂપે પરિણમે, રસરૂપે પરિણમે તે બધી એની પર્યાય છે. કેરી ખાટારૂપે પરિણમે, મીઠારૂપે પરિણમે, એ બધી એની પર્યાયો છે પણ એ ગુણો કોના છે? કેરીના, પુદ્‌ગલના. એમ આ આત્મા જ્ઞાનરૂપે પરિણમે, આનંદરૂપે પરિણમે એ બધી એની પર્યાયો, પણ પરિણમનાર કોણ છે? એ પોતે ચૈતન્ય વસ્તુ છે એમ, એક વસ્તુ છે એની પર્યાયો છે. પર્યાયમાં જણાય પણ એ ચૈતન્યની પર્યાય છે. એટલે પર્યાય પોતે દ્રવ્યને જાણી શકે છે. દ્રવ્યના ગુણોને ખ્યાલમાં લઈ શકે છે. વેદનમાં એમ આવે છે કે આ ગુણો આવા છે. પર્યાયનું વેદન ભલે પર્યાયમાં થાય પણ એ જાણે છે દ્રવ્યને એમ. એ દ્રવ્યની પોતાની પર્યાય છે. બીજાની નથી. કાંઈ અદ્ધર લટકતી નથી પર્યાય. જેમ પુદ્‌ગલ પોતે વર્ણરૂપે પરિણમે, રસરૂપે પરિણમે, ખાટું, ખારું, તીખું એ પુદ્‌ગલ પરિણમે, એટલે પુદ્‌ગલની પર્યાયો થાય પણ પરિણમનારો પુદ્‌ગલ છે. એમ ચૈતન્યની પર્યાય થાય.—જ્ઞાનરૂપે, દર્શનરૂપે, ચારિત્ર એ ચૈતન્યની પોતાની પર્યાય છે. એ પર્યાય કાંઈ અદ્ધર નથી થાતી, પર્યાય જુદી નથી

દ્રવ્યથી. એટલે પર્યાયનો સ્વભાવ એમાં જુદો, એક ક્ષણિક છે ને એક શાશ્વત છે. પણ એ પર્યાય છે ચૈતન્યની આત્માની પોતાની. એનાથી જુદું નથી, આત્માના આધારે, આત્માના આધારે પર્યાય પરિણમે છે. કાંઈ નિરાધાર નથી પરિણમતી, આત્માના આધારે છે. તો તો પછી પર્યાય અને દ્રવ્ય બે કટકા થઈ ગયા. પર્યાય તો ક્ષણિક. તો ક્ષણિક ચાલ્યું જાય તો કોનું વેદન રહે? આત્મા શાશ્વત છે એમાંથી બીજી બીજી પર્યાયો આવ્યા જ કરે છે તે જાતની. જ્ઞાનની જ્ઞાનરૂપે, ચારિત્રની ચારિત્રરૂપે, વેદનની વેદનરૂપે, અનુભવની નવી નવી પર્યાયો એ ચૈતન્ય દ્રવ્યમાંથી આવ્યા જ કરે છે. જેમ પાણીમાં મોજા થયા કરે તેમ ચૈતન્યના ગુણોમાંથી પર્યાયો આવ્યા જ કરે છે. હીરામાંથી જેમ ચમક થયા જ કરે, એમ આત્મામાંથી નવી નવી પર્યાયો આવ્યા જ કરે છે. એ પર્યાયો ચૈતન્યમાંથી આવે છે. આત્મામાંથી આવે છે. પર્યાય ક્ષણિક અને દ્રવ્ય જુદું. એ આવી રીતે એમ સમજવું તે દ્રવ્યની પર્યાય છે. કોઈ અપેક્ષાએ એના ભેદની વાત આવે તો એ કોઈ અપેક્ષાએ ભેદ છે. સર્વથા ભેદ નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય એમ લક્ષણ ભેદ, સંખ્યાભેદ એમ એવી રીતે ભેદ છે, અભેદદૃષ્ટિની અપેક્ષાએ જુદું કહેવાય પણ એ દ્રવ્યથી સર્વથા જુદું ન સમજવું. બે કટકા વસ્તુના એમ નહીં. લક્ષણથી જુદુ એવી રીતે સંખ્યા જુદી, સ્વભાવ જુદો પણ એ વસ્તુ જુદી નથી થતી, અપેક્ષા સમજવી. ૨૭.

"સદ્‌ગુરુદેવનો જય હો" "ભગવતી માતનો જય હો"